GJDH030010752024

ક્રિમિનલ કેસ નં. ૮૦૨/૨૦૨૪
શ્રી સરકાર
વિરુદ્ધ
મહેશભાઈ અમરાભાઈ પટેલ,

सत्यमेव जयते

**Form–A, R.179A of Cr. Manual**

મહેરબાન દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
શ્રી(એસ. આર. વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. દેવગઢ બારીઆ

આંક – ૩૧

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૮૦૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. નંબર | : | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન<br>પાર્ટ એ ગુના રજી. નં. ૫૯૪/૨૦૨૩ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩, ૧૯૬ મુજબ |
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદી તરફે | : | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર |
| આરોપી | : | **મહેશભાઈ અમરાભાઈ પટેલ,**<br>રહે. કાળી ડુંગરી, લહેડી ફળીયા, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ. |
| આરોપી તરફે | : | વિદ્વાન વકીલ શ્રી જે. આર. રાણા |

**Form–B, R.179A of Cr. Manual**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૫/૦૯/૨૦૨૩ |
| ફરિયાદની તારીખ | : | ૨૬/૧૦/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૪/૦૪/૨૦૨૪ |
| તહોમતનામુ/પ્લીની તારીખ | : | ૧૪/૦૫/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૪/૦૫/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | લાગુ પડતું નથી. |
| સમયગાળો | : | **૦૨ વર્ષ ૦૨ મહિના ૧૯ દિવસ** |

## :: આરોપીની વિગત ::

| અનુક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન કે નિર્દોષ | સજા | Cr.P.C. કલમ ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | મહેશભાઇ અમરાભાઇ પટેલ | ૧૦/૧૦/૨૦૨૪ | ૧૦/૧૦/૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૩, ૧૯૬ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | નથી |

**Form-C, R.179A of Cr. Manual**

## :: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ ::

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદઃ- (સી. આર. પી. સી. કલમ ૨૪૬ મુજબ)

| અનુક્રમ | આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૯ | મહેશભાઇ ગમજીભાઇ પટેલનાઓની જુબાની | ફરિયાદી |
| ૨ | ૧૮ | વીરાભાઇ મગનભાઇ બારીઆનાઓની જુબાની | સાહેદ |
| ૩ | ૧૯ | આરતભાઇ રયજીભાઇ પટેલનાઓની જુબાની | સાહેદ |
| ૪ | ૨૧ | ગુલાબભાઇ પારસીંગભાઇ પટેલનાઓની જુબાની | પંચસાહેદ |
| ૫ | ૨૩ | ભુપતભાઇ ધીરૂભાઇ બારીઆનાઓની જુબાની | પંચસાહેદ |
| ૬ | ૩૦ | ગજેન્દ્રસીંહ રવેસીંહ સોલંકીનાઓની જુબાની | ત.ક.અમલદાર |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-

| અનુક્રમ | આંક | નામ | સાહેદ ના પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

## :: ફરિયાદપક્ષે/બચાવ પક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત ::

| (એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
|---|---|---|
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| ૦૧ | ૧૦ | ફરિયાદ |
| ૦૨ | ૨૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૦૩ | ૨૫ | મરણોતર પંચનામુ |
| ૦૪ | ૨૬ | ઈજા પામનાર સાહેદનો મેડીકલ સર્ટીફિકેટ |
| ૦૫ | ૨૭ | પી.એમ. નોટ |
| (બી) બચાવપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| – | –– | –– |
| (સી) કોર્ટ પક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ : | | |
| અનુક્રમ | આંક | દસ્તાવેજ ની વિગત |
| – | –– | –– |

**–//જજમેન્ટ//–**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૨૫/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૭:૦૦ વાગે મોજે ભડભા ગામે આ કામના આરોપીએ પોતાના કબજાનું ટ્રેકટર નં. જી.જે.–૨૦–એન–૨૮૧૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના મોટા ભાઈની સુઝુકી કંપનીના સ્કુટર નં. જી.જે.–૦૨–બીએન–૯૦૫૧ ને પાછળથી ટકકર મારી પાડી દઈ ફરિયાદીના ભાઈ દિલીપભાઈને બરડાના ભાગે તેના ટ્રેકટરના બંને ટાયરો ચઢાવી દઈ ગંભીર ઈજાઓ કરી ટ્રેકટર થોડે આગળ મુકી નાસી જઈ સારવાર દરમ્યાન સાહેદ દીલીપભાઈ મરણ ગયેલ હોય તે મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરિયાદીએ સદર બનાવ અંગેની ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૦૨) ફરિયાદીની સદર ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને ફર્સ્ટ પાર્ટ એ ગુના રજીસ્ટર નંબર ૫૯૪/૨૦૨૩ થી નોંધી આ ફરિયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા ઈન્કવેસ્ટ પંચનામુ તથા મરણ જનારની પી.એમ. નોટ મેળવી લાગતા વળગતાં સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ઈન્ડીયન પીનલ કોડ (જેને હવે ટુંકમાં ઇ.પી.કો તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા

એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩, ૧૯૬ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

(૦૩) આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રીમીનલ પ્રોસીજર કોડ (જેને હવે પછી ટુંકમાં ક્રિ.પ્રો.કોડ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૦૪) સદર કામે આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૦૫) ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ. એમ. ડામોર તથા આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી જે. આર. રાણા હ્વારા કરવામાં આવેલ દલીલો તથા રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લેતા આ ફરિયાદનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દા ::–**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૨૫/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૭ઃ૦૦ વાગે મોજે ભડભા ગામે આ કામના આરોપીએ પોતાના કબજાનું ટ્રેકટર નં. જી.જે.–૨૦–એન–૨૮૧૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના મોટા ભાઇની સુઝુકી કંપનીના સ્કુટર નં. જી.જે.–૦૨–બીએન–૯૦૫૧ ને પાછળથી ટકકર મારી પાડી દઇ ફરિયાદીના ભાઇ દિલીપભાઇને બરડાના ભાગે તેના ટ્રેકટરના બંને ટાયરો ચઢાવી દઇ ગંભીર ઇજાઓ કરી ટ્રેકટર થોડે આગળ મુકી નાસી જઇ સારવાર દરમ્યાન સાહેદ દીલીપભાઇ મરણ ગયેલ હોય તે મુજબનો ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩, ૧૯૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

(૦૬) ઉપરોકત મુદ્દાઓનાં મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૦૭) આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩,૧૮૧, ૧૯૬, ૧૩૪ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. ફરિયાદ પક્ષે સદરહુ ગુનાઓ સાબિત કરવા માટે આ કામના આરોપીએ પોતાના કબજાનું ટ્રેકટર નં. જી.જે.–૨૦–એન–૨૮૧૩ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના મોટા ભાઇની સુઝુકી કંપનીના સ્કુટર નં. જી.જે.–૦૨–બીએન–૯૦૫૧ ને પાછળથી ટકકર મારી પાડી દઇ ફરિયાદીના ભાઇ દિલીપભાઇને બરડાના ભાગે તેના ટ્રેકટરના બંને ટાયરો ચઢાવી દઇ ગંભીર ઇજાઓ કરી ટ્રેકટર થોડે આગળ મુકી નાસી જઇ સારવાર દરમ્યાન સાહેદ દીલીપભાઇ મરણ ગયેલ હોવાની હકિકત શંકાથી પર સાબિત કરવાની રહે છે. જે સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે કુલ ૦૬ સાહેદોને તપાસેલા છે.

(૭.૧) સદર કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદોએ પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જયારે સદર કામે આંક–૦૯ થી ફરિયાદી મહેશભાઇ ગમજીભાઇ પટેલનાઓને તપાસેલ છે. જેઓ પોતાની સરતપાસમાં મહત્વનું જણાવે છે કે બનાવ તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ બનેલ અને તે દિવસે તેઓ દેવગઢ બારીઆ આવેલ હતાં અને તેઓને તેઓના મામા ભારતભાઇએ ફોન ઉપર જણાવેલ કે દિલીપનું ભડભા પેટ્રોલ પંપ પાસે ત્રણ રસ્તા ઉપર અકસ્માત થયેલ છે જેથી તેઓ બનાવવાળી જગ્યાએ જતાં હતાં તે વખતે રસ્તામાં ૧૦૮ મળતાં તેઓને તેઓના મામાએ ફોન કરી દેવગઢ બારીઆ સરકારી દવાખાને આવવાનું કહેતાં તેઓ ત્યાં ગયેલ અને ત્યાં જઇને જોયેલ તો દીલીપભાઇને છાતીમાં તથા બરડાના ભાગે તથઆ ડાબા પગે ઢીંચણના ભાગે ઇજાઓ થયેલ હતી અને વધુ સારવાર માટે ગોધરા અને બરોડા લઇ ગયેલા અને બરોડા હૉસ્પિટલમાં સારવાર દરમ્યાન દીલીપભાઇ મરણ ગયેલા. તેમજ ફરિયાદી તેઓના ભાઇ જે સ્કુટર લઇને ગયેલ તેનો નંબર તથા અકસ્માત કરનાર ટ્રેકટરનો નંબર જણાવે છે અને તેનો ચાલક ભીખાભાઇ કરીને હોવાનું જણાવે છે પરંતુ આરોપીને જોયેથી તેઓ ઓળખી શકે નહી તેવું જણાવે છે. જયારે સદર ફરિયાદીની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ હકિકત કબુલ રાખે છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવવાળી રોડ હાઇ વે રોડ છે અને તે રોડ પર વાહનોની અવર જવર રહે છે અને તેઓએ બનાવની ફરિયાદ આંઠ દિવસ મોડી આપેલ છે. આમ, સદર ફરિયાદીના પુરાવાથી અકસ્માત થયેલ હોવાની હકિકત અને અકસ્માતમાં સાહેદ

દીલીપભાઇ મરણ ગયેલાની હકિકત પુરવાર થાય છે પરંતુ અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી ચલાવતાં હતાં તે હકિકત પુરવાર થતી નથી.

(૭.૨) જયારે સદર કામે આંક–૧૮ થી સાહેદ વીરાભાઇ મગનભાઇ બારીઆનાઓને તથા આંક–૧૯ થી સાહેદ આરતભાઇ રયજીભાઇ પટેલનાઓને તપાસેલ છે. જેઓ તેમના પુરાવામાં બનાવ આશરે એક વર્ષ અગાઉ ભુવાલ ગામે બનેલ હોવાનું અને બનાવમાં દીલીપભાઇનું ટ્રેકટર સાથે અકસ્માત થયેલ હોવાનું અને સારવાર દરમ્યાન દીલીપભાઇ મરણ ગયેલાની હકિકત જણાવે છે પરંતુ અકસ્માત કરનાર વાહનનો નંબર કે તેના ચાલક વિષે કોઈ હકિકત જણાવતાં નથી. તેમજ બંને સાહેદો બચાવ પક્ષે કરવામાં આવેલ તેમની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે બનાવ વખતે તેઓ ઘરે હતાં અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ, સદર બંને સાહેદોનો પુરાવો પણ ફરિયાદ પક્ષને મદદરૂપ થતો નથી. જયારે સદર કામે–૩૦ થી ત.ક.અ. ગજેન્દ્રસીંહ રવેસીંહ સોલંકીનાઓને તપાસેલ છે. જેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યા બારીઆથી પાવગઢ જવાનો રસ્તો છે અને ત્યાં ત્રણ રસ્તા પડે છે. તેમજ એ હકિકત કબુલ રાખે છે કે ફરિયાદીએ ફરિયાદ આંઠ દિવસ મોડી આપેલ છે. તેમજ  એ હકિકત કબુલ રાખે છે કે ફરિયાદીએ ફરિયાદમાં આરોપીનું નામ ઠામ જણાવેલ નહી તેમજ ફરિયાદમાં વાહન સ્પીડમાં આવેલ હોવાનું જણાવેલ નહી.

(૮.૧) આમ, જયારે ફરીયાદીએ ફરીયાદ મોડી આપેલ હોય તે તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા Thulia Kali Versus State of Tamil Nadu, માં એફ.આઈ.આર. દાખલ કરવામાં થયેલ વિલંબ બાબતે નીચે મુજબ ઠરાવેલ છે.

Delay in lodging the first information report quite often results in embellishment which is a creature of afterthought. On account of delay the report not only gets bereft of the advantage of spontaneity danger creeps in of the introduction of coloured version, exaggerated account or concocted story as a result of deliberation and consultation. It is, therefore, essential that the delay in the lodging of the first information report should be satisfactorily explained.

(૮.૨) આમ, વાહન અકસ્માતના કેસમાં અકસ્માતના બનાવમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવેલ હતુ અને આ બેદરકારીના કારણે અકસ્માતનો બનાવ બનેલો હતો તેવું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવું પડે. એટલું જ નહી અકસ્માત સમયે અને સ્થળે

અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક આ કામના આરોપી હતાં તેવું પણ ફરિયાદ પક્ષે પુરવાર કરવુ પડે.

(૮.૩) આ સંદર્ભે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. માલતીબેન શાહ, ૧૯૯૩(૨) જી.એલ.આર. પાના નં. ૧૬૦૦</u>** તેમજ **<u>કનૈયાલાલ અરજણદાસ વિ. ત્રિભુવનદાસ દેવસીલાલ ૧૯૯૭(૨) જી. એલ. એચ. ૮૬૪</u>** તેમજ **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. મોહંમદ શરીફ ૨૦૦૭(૩) જી.એલ.એચ. ૫૬૧</u>** ના ચુકાદાઓમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયાં સુધી આરોપીની બેદરકારી પુરવાર ન થાય તેમજ આચરવામાં આવેલ કૃત્ય બેફામપણે તેમજ બેદરકારીપુર્વક આચરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી. આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત હાલના કેસને પણ સંપુર્ણપણે લાગુ પડે છે.

(૮.૪) વધુમાં, આ સંદર્ભે **<u>નાથુલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૯૯૮ ક્રિમીનલ લો જનરલ પાના. ૩૮૬૧(રાજસ્થાન)</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપી વાહન ચલાવતાં હતાં તેમજ તે વાહન ખુબ ઝડપથી ચલાવતા હતાં તેવો પુરાવો ઉપલબ્ધ હતો. પરંતુ સદર વાહન બેદરકારીપુર્વક ચલાવતાં હોય તેવો પુરાવો આવતો ન હતો અને આરોપી વાહન પુરઝડપે ચલાવતાં હતાં તેટલો પુરાવો આરોપીને સજા કરવા પર્યાપ્ત ગણી શકાય નહી. ગુનામાં રહેલ બેદરકારીના તત્વો માટે અનુમાન કરી શકાય નહી તેમજ બેદરકારી પુરવાર થવી જોઇએ. આ કલમમાં વર્ણવવામાં આવેલ બેદરકારીના કુત્યમાં બેદરકારીની માત્રા ઉંચી હોવી જોઇએ. વધુમાં **<u>મોહંમદ અજમુદ્દીની વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ એ.આઇ.આર. ૨૦૦૦( સુપ્રિમ કોર્ટ) પાના નં. ૨૫૧૧</u>** માં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયારે આ કલમ હેઠળ આરોપી સામે કામ ચલાવવામાં આવે ત્યારે આરોપીની બેદરકારીની માત્રા કેટલી હતી તે ધ્યાને લેવી જોઇએ તેમજ આરોપી પોતાનું વાહન બેફામપણે તેમજ બેદરકારીપુર્વક ચલાવતાં હતાં તેમજ તે બેદરાકરી નિવારવા માટે આરોપી સક્ષમ હતાં તેમજ આરોપીએ સાવચેતી રાખી હોત તો અકસ્માત નિવારી શકયો હોત તેવી હકીકત પુરવાર થાય તો જ આરોપીને આ કલમ હેઠળ સજા થાય. આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલો પુરાવો જોતાં અકસ્માત સમયે તેમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવતું હતુ અને આ કામના આરોપી આ વાહનના ચાલક હતાં તેવું નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જાય છે. આથી આ બંને ઓથોરીટીવાળા ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત આ કેસમાં પણ સંપુર્ણપણે લાગુ પડે છે.

(૦૯) જયારે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ–૨૭૯ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોય

ત્યારે ફરિયાદ પક્ષે પ્રથમ આરોપીની ઓળખ પ્રસ્થાપિત કરવી જરૂરી છે, તેમજ આરોપીનું બેદરકારી પુર્વકનુ અથવા આરોપીએ પુરઝડપે વાહન હંકારીને અકસ્માત કરેલ છે તેવું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. આમ, ફરિયાદ પક્ષ આ કામના આરોપીએ પોતાના કબજાના વાહનને ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ચલાવી અકસ્માત કરેલ હોય તેવું પ્રસ્થાપિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ તમામ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ગાડીની ઝડપ સબબ તથા બેદરકારી સબબ તથા આરોપીની ઓળખ બાબતે કોઈ સચોટ કે ચોકકસ પુરાવો આપેલ નથી. આમ, તે રીતે તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર થઇ શકતાં નથી. વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા મરણોતર પંચનામુ જોતાં અકસ્માતમાં થયેલ હોવાની હકીકતને માત્ર સમર્થન પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ આ અકસ્માત આ કામના આરોપીએ કરેલ હોવાનું કે આરોપીની બેદરકારી અથવા તો પુરઝડપ ભર્યા ડ્રાઈવીંગના કારણે થયેલ હોવાનું પુરવાર થઇ શકતું નથી.

(૧૦) આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૩, ૧૯૬ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
- કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૨૩મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૨૩/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ,**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**